सत्यमेव जयते

## સુરતના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ  ફર્સ્ટ કલાસ(રેલ્વે) સાહેબની કોર્ટમાં, મુ.સુરત

---

**ફોજદારી કેસ નંબર–૮૦૦૧/૨૦૨૫**

આંક–૧૭

**::નમૂના – અ::**

| **મે.સુરત ના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે) સાહેબની કોર્ટ સમક્ષ, મુ.સુરત** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૭–૦૪–૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૮૦૦૧/૨૦૨૫ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ઈ.પી.કો કલમ–૩૭૯ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૨–૧૨–૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | સુરત રેલ્વે પો.સ્ટે.સુરત |
| ફરિયાદ પક્ષ | શ્રી સંગીતા વિજય વશીષ્ઠ |
| રજુઆત | વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી માર્ટીન પરમાર |
| આરોપી પક્ષ | **ધ્રુવીલ શૈલેષ ગોહીલ,**<br>ઉ.વ.૨૦, ધંધો : નોકરી,<br>રહે.: ડી/૫૦૧, શ્યામલ આર્કેડ વાસના ભાયલીરોડ વડોદરા. |
| આરોપી પક્ષ ની રજુઆત | વિ.વ.શ્રી કે.આર.પટેલ |

**::નમૂના – બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨–૧૨–૨૦૨૨ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૧૨–૧૨–૨૦૨૨ |
| આખરી માહિતી અહેવાલની તારીખ | ૧૯–૧૨–૨૦૨૨ |
| તહોમતનામાની તારીખ | ૩૦–૧૨–૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૨–૦૧–૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૪–૦૩–૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૭–૦૪–૨૦૨૬ |
| સજા હુકમ જો લાગુ પડે તો | –– |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત ની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા ? / કે સજા કરી ? | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો જો કોઈ હોય તો સંહીતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ધ્રુવીલ શૈલેષ ગોહીલ,** ઉ.વ.૨૦, ધંધો : નોકરી, રહે.: ડી/૫૦૧, શ્યામલ આર્કેડ વાસના ભાયલીરોડ વડોદરા. | ૧૩/૧૨/૨૦૨૪ | ૧૬/૧૨/૨૦૨૪ | ઇ.પી.કો કલમ–૩૭૯ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકયો | – | – |

**:: નમુનો ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલય ના સાક્ષી ની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| **અનુ.નં.** | **સાહેદનું નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સ.૧ | અશોક બલીરામ ડાંગોરકર | ૭ | ત.ક.અ. |
| ફ.સ.૨ | કપ્તાન ઉમાશંકર સીંગ | ૯ | પંચ |
| ફ.સ.૩ | સુખરામભાઇ રાજુભાઇ | ૧૦ | ત.ક.અ. |
| ફ.સ.૪ | રણજીતસીંહ જગમાલભાઇ | ૧૪ | ત.ક.અ. |

**બ) બચાવ પક્ષ**

| અનુ નં | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૧ | – | – |

**ક) ન્યાયાલય**

| અનુ નં | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૧ | – | – |

નોંધ :– ઉપરોકત સાક્ષીના પુરાવાના પ્રકાર માં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે, નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવુ )

**ફરીયાદી / બચાવ / ન્યાયાલના આંકની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| અનુ નં. | આંક સખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક ફ – ૧૧ | એફ.આઈ.આર |
| ૨ | આંક ફ – ૧૨ | લેખીત ફરિયાદ |
| ૩ | આંક ફ – ૧૩ | આગળની તપાસ હુકમ |
| ૪ | આંક ફ – ૧૫ | પંચનામુ |

**બ) બચાવ  પક્ષ**

| અનુ નં | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક બ –૧/બ.સ.૧ | – |
| ૨ | આંક બ –૨/બ.સ.૨ | – |

**ક) ન્યાયાલય આંક**

| **અનુ નં** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક ન્યા–૧/ન્યા.સ.૧ | – |
| ૨ | આંક ન્યા–૨/ન્યા.સ.૨ | – |

**ડ.ભૌતિક પદાર્થ :–**

| **અનુ નં** | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ભૌ પ–૧ | – |
| ૨ | ભૌ પ–૨ | – |

**–:: ઠરાવ ::–**

(૧) **<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–</u>**

આ કામના આરોપીએ તા.૧૨/૧૨/૨૦૨૨ ના ક.૦૫/૦૦ વાગ્યા ના સુમારે જયારે ફરિયાદી ટ્રેન નં.૧૨૨૨૮ ઈન્દોર–મુમ્બઈ દુરાન્તો એક્સ ટ્રેનના કોચ નં–બી/૩ માં સીટ નં.૯,૧૦,૧૨ ઉપર મુબઈ જવા મુસાફરી  દરમ્યાન ઉંઘી ગયેલા હતા તે તકનો લાભ લઈ ફરીયાદી શ્રીના પર્સમાંના વોલેટ માંથી રૂા.૪૦,૦૦૦/– ની કરન્સીનોટી તથા પેસીફીક એરલાઇન્સ નું મેમ્બરશીપ ના કાર્ડ ની રનીંગ ટ્રેનમાંથી ચોરી કરી લઈ જતાં પકડાઈ જઈ ઇ.પી.કો.કલમ–૩૭૯ મુજબનો ગુન્હો કરેલ હોય આ અંગે આરોપી સામે સુરત જી.આર.પી. પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૨૪૧/૨૦૨૨ થી નોંધી, તપાસ કરતા પુરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) **<u>કોર્ટ કાર્યવાહી :–</u>**

ત્યારબાદ આ કામના આરોપીને આ અદાલત ધ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે  આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીને આંક– ૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે, આંક– ૬  થી આરોપીની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે, જેથી કેસ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

ફરિયાદપક્ષે વિ.એપીપીશ્રીએ મૌખિક રીતે પુરાવો પુર્ણ થયેલાનુ જાહેર કરેલ છે.

(૫) **<u>આરોપીઓનું વિશેષ નિવેદન :–</u>**

ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેઓની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને ખોટો કેસ કરેલ છે.

(૬) **<u>દલીલો :–</u>**

અ) ***<u>ફરીયાદપક્ષની દલીલ :–</u>***

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી માર્ટીન ડી. પરમાર ની દલીલ સાંભળી તેમની દલીલ છે કે, આ કામના આરોપીએ આ કામના ફરીયાદ ટ્રેનમાં મુસાફરી દરમિયાન ઉંઘી ગયેલા તે તકનો લાભ લઈ ફરીયાદીના પર્સમાંથી કરન્સીનોટો તથા પેસીફીક એરલાઈન્સનું મેમ્બરશીપના કાર્ડની ચોરી કરેલ છે અને સાહેદની જુબાની વંચાણે લેવામાં આવે તો ફરીયાદ પક્ષ તેમનો કેસ નીશંક પણે પુરવાર કરેલ હોય આરોપીને દોષીત ઠરાવવા અરજ ગુજારેલ છે.

બ) ***<u>બચાવપક્ષની દલીલ :–</u>***

બચાવપક્ષે વિ.વ.શ્રીની દલીલ છે કે ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા નીષ્ફળ નીવડેલ હોય આરોપીઓને નીદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૫) ઉપરોકત હકીકતો તથા દલીલો ધ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૧૨/૨૦૨૨ ના ક.૦૫/૦૦ વાગ્યા ના સુમારે જયારે ફરિયાદી ટ્રેન નં.૧૨૨૨૮ ઈન્દોર–મુમ્બઈ દુરાન્તો એક્સ ટ્રેનના કોચ નં–બી/૩ માં સીટ નં.૯,૧૦,૧૨ ઉપર મુબઈ જવા મુસાફરી દરમ્યાન ઉંઘી ગયેલા હતા તે તકનો લાભ લઈ ફરીયાદી શ્રીના પર્સમાંના વોલેટ માંથી રૂા.૪૦,૦૦૦/– ની કરન્સીનોટી તથા પેસીફીક એરલાઈન્સ નું મેમ્બરશીપ ના કાર્ડ ની રનીંગ ટ્રેનમાંથી ચોરી કરી લઈ જતાં પકડાઈ જઈ ઇ.પી.કો.કલમ–૩૭૯ મુજબનો |

| | |
|---|---|
| | શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) '' નકારમાં ''

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે

**<u>–:: પુરાવાનુ મુલ્યાંકન ::–</u>**

**<u>મુદા નં.–૧ ની ચર્ચા :–</u>**

આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી સ્વરૂપનો હોય ફોજદારી ન્યાયશાસ્ત્ર અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ અનુસાર આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના સીરે રહેલો છે. ક્રિમિનલ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ મુજબ ફરીયાદીપક્ષે આરોપીસામે મુકવામાં આવેલ તહોમત ''બીયોન્ડ રીઝનેબલ ડાઉટ'' યોગ્ય અને નિ:શંક પુરાવો રજૂ કરીને પુરવાર કરવાનું હોય છે કે, આરોપી દોષિત છે અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે. આરોપી નિર્દોષ છે તેવું આરોપીએ પુરવાર કરવાનું હોતું નથી. એમ કહી શકાય કે ફોજદારી કેસમાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠેરવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલુ રહેવાનું હોય છે અને નામ. કોર્ટ ધ્વારા બાદમાં આવેલા અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય પુરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષ મુકત અગર બેનિફિટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૦૯) **<u>કાયદાની જોગવાઈઓ</u> :–**

ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૭૯ મુજબનો આક્ષેપ છે. તો સૌપ્રથમ આ કલમ અંગે જોઈએ તો,

**આઈ પી સી ની કલમ ૩૭૯ ના તત્વો :–**

**તત્વો :**

૧. જંગમ મિલ્કતની ચોરી થઈ

૨. આ જંગમ મીલ્કત કોઈ વ્યકિતના કબજામાં હતી

૩. આ જંગમ મીલ્કત કોઈ વ્યકિતના કબજા માંથી ખસેડવામાં આવી હતી

૪. આ જંગમ મિલ્કત ખસેડવામાટે તેના માલિક અથવા કબજેદારની સંમતિ ન હતી.

૫. આવુ કૃત્ય અપ્રમાણિક પણે કરવામાં આવેલ હતુ

૧૦) ઉપરોકત કલમો અન્વયે હાલના કેસમાં જોવામાં આવે તો, આ કેસમાં ફરીયાદીનો એવો આરોપ છે કે, આ કામના આરોપીએ આ કામના ફરીયાદીના પર્સમાંથી રૂા.૪૦,૦૦૦/– ની કરન્સીનોટો તથા પેસેફીક એરલાઈન્સનું મેમ્બરશીપના કાર્ડની ચોરી કરેલ છે.

૧૧) ફરિયાદપક્ષે રજુ પુરાવો જોવામાં આવે તો આંક–૭ થી પંચ અશોક બલીરામ ડાંગોરકર અને આંક–૯ થી કપ્તાન ઉમાશંકર સીંગનાઓને તપાસવામાં આવેલા છે તેઓની સરતપાસમાં તૈયાર પંચનામામાં સહી કરી હોવાનું જણાવી સહી ઓળખી બતાવેલ છે અને તેઓને ફરી ગયેલા જાહેર કરેલ હોય તેના પુરાવાથી પંચનામું સાબિત થતું નથી.

૧૨) વધુમાં આંક–૧૦ થી ત.ક.અ. સાહેદ સુખરામભાઇ રાજુભાઇનાઓને તપાસવામાં આવેલા છે તેઓએ માત્ર આ કામે ગુનો રજીસ્ટર કરી અને આગળની તપાસ એ.એસ.આઇ રણજીતસિંહ જગમાલભાઇને સોંપેલ હોવાનું જણાવેલ છે અને આંક–૧૪ થી ત.ક.અ. રણજીતસિંહ જગમલાભાઇનાઓને તપાસવામાં આવેલા છે તેઓની તપાસના કામે કરેલ કામગીરી મુજબનો પુરાવો રજુ કરેલ છે અને તેઓએ આરોપીની તપાસ કરતા આરોપી પાસેથી એપલ કંપનીનો મોબાઇલ, તથા આરોપીના ગજવામાંથી અંગ્રેજીમાં સંગીતા વશીષ્ઠ લખેલું લીલા કલરનું કાર્ડ કબજે કરી આરોપીનું પંચનામુ કરેલ જે આંક–૧૫ થી રજુ છે. જયારે સાહેદે ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે બનાવવાળી જગ્યાનું કોઇ પંચનામુ કરેલ નથી અને કોઇ સ્વતંત્ર સાહેદોને તપાસેલ નથી કે નિવેદન લીધેલા નથી. આમ, તમામ પુરાવાઓ એકસાથે વંચાણે લેવામાં આવે તો, આ કામે તપાસવામાં આવેલા

ત.ક.અ.સાહેદોની જુબાની સમર્થન કરતા નથી, તે સંજોગોમાં પણ ફરિયાદપક્ષનો કેસ સાબિત થતો નથી.

૧૩) ટૂંકમા આરોપી પાસેથી કોઈ મુદામાલ મળી આવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. ફરીયાદપક્ષ આ કેસ મુદામાલ આરોપીના કબજા માંથી મળી આવેલ હોય તે ફરીયાદ પક્ષ હકીકત પણ સાબીત કરેલ નથી કે ચોરી થયેલ મીલ્કત હાલના ફરીયાદીના કબજામાં હતી અને તે મીલકતને આરોપી ધ્વારા ખસેડવામાં આવેલ છે તેવી હકીકત પણ ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ નહી હોય આરોપીએ જ આ ચોરી કરેલ તેવું સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ હોય તમામ ચર્ચાના અંતે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

***-:: હુ ક મ ::-***

આ કામના આરોપી **ધ્રુવીલ શૈલેષ ગોહીલ,** રહે.: ડી/૫૦૧, શ્યામલ આર્કેડ વાસના ભાયલીરોડ વડોદરા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) મુજબ ઈ.પી.કો.કલમ- ૩૭૯ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનાં આરોપીનાં ખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કો.કલમ ૪૩૭(એ) મુજબ રુ.૫૦૦૦/-ના આ હુકમની તારીખથી છ માસ સુધીના રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ **તારીખ ૦૭ મી માહે એપ્રિલ ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૦૭/૦૪/૨૦૨૬
સુરત

(પંકજ રાઠોડ )
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે),
સુરત
(જી.જે.૦૧૪૬૮)